# ક્ષેત્રપાળ દાદાને નમ :

પિતૃદેવ ક્ષેત્રપાળ દાદા સિહોર, જૂના ટાણા રોડ પર 'હરહરગિરી' બાપુના આશ્રમમાં ચંડી ચામુંડા માતાજીના મંદિરમાં નીચે બેસેલા છે. જે આપણા કુટુંબમાં ૪૫૦ વર્ષ આગળથી પૂજાય છે. હાલ સિહોરમાં ૧૨૫ વર્ષથી તેમનું સ્થાનક છે. તેમના નિવેદ પણ ચૈત્ર સુદ–૯ અને આસો સુદી–૯ કુળદેવી ખોડિયાર માતાજીની સાથે જ થાય છે. (આખા મગની સવા પાલીની ખીચડી) ખીચડીમાં હળદળ નાંખવી નહીં. (ખીચડી પૂરી રાંધવી કોરી રાખવી નહીં) માતાજીનાં નિવેદ કર્યા પછી બાજુમાં બીજા પાટલા ઉપર ક્ષેત્રપાળ દાદાનો ત્રણવાટનો દીવો કરવો. સવા રૂપિયો મુકવો. ત્રણ ખીચડીની ઢગલી કરવી. ત્રણ શ્રીફળ વધેરવા. ત્રણ પાણીની ધારાવડી દાદાની જમણી થી ડાબી બાજુ આપવી. વહુઓએ લાજ કાઢી દીવા સામે બેસવું. દાદાનો દીવો હોય ત્યારે વહુઓએ લાજ કાઢવી.

આપણા કુટુંબમાં દીકરાની છેડાછેડી ક્ષેત્રપાળ દાદા પાસે છૂટે છે. ત્યાં વરઘોડીયાએ લગ્નનાં કપડાં પહેરી ત્રણ વાટનો દીવો, ૦।। કિલો પેંડા તથા ત્રણ–સવા રૂપિયા ધરવા, પછી છેડાછેડી છોડવી. મીંઢોળ, વરમાળા તથા છેડા બંધન દાદાના ત્રિશૂળ પાસે મુકી દેવું. વહુઓએ મંદિરમાં લાજ કાઢી પ્રવેશવું.

સિહોર ક્ષેત્રપાળ દાદાના દર્શન કરવા જઈએ ત્યારે ત્રણ વાટનો દીવો તથા ત્રણ શ્રીફળ વધેરવા. હંમેશા વહુઓએ દાદાના દીવા સામે લાજ કાઢીને રહેવું.

ઉપરોક્ત વિગતો ખોડિયાર માઁ ના કહેવા પ્રમાણે લખેલ છે.